# ૫.૪ બાર આરાનું સ્વરૂપ

મનુષ્યના સમગ્ર જીવનના વર્ષો એકધારા એક સરખા સુખ–સુખને સુખવાળા બધાના પસાર થતાં નથી હોતાં, ચડ–ઉતર–તડકો–છાંયો વગેરે બે વિરૂદ્ધ ભાવો પ્રાય: એકવાર તો જીવનમાં દરેકને જોવાં મળતાં હોય છે. તેમ છતાં કેટલાક અતિ ધનાઢ્ય કે શ્રીમંત વર્ગોમાં પ્રાય: ફેરફાર સુખ–સંપતિ બાબતે ન પણ જોવા મળે એવું બને.

સંપૂર્ણ ભરતક્ષેત્ર (વર્તમાન) અને ઐરાવતક્ષેત્ર (બીજો અદ્દશ્યપ્રદેશ)માં સાર્વત્રિક અતિસુખ–સુખ અને સુખ–દુ:ખની વિભાવનાઓ અહિં જણાવવામાં આવે છે.

જૈન જગતમાં સમગ્ર બ્રહ્માંડના જે – જે ભાવો કાળક્રમે બદલાતા રહેતાં હોય છે. તેની અનેક ગૂઢ – રહસ્યભરી વાતો કેવલજ્ઞાની ગુરુભગવંતો શાસ્ત્રગ્રંથોમાં કહી ગયાં છે.

વર્તમાન વિશ્વમાં ઝડપથી બદલાતા પ્રવાહો, તેના મૂળભૂત કારણો, સમય, સ્વભાવ, વગેરે જે જે તત્વો કામ કરતાં હોય છે તેની અગાઉથી નોંધ લઈ સાર્વત્રિક પરિવર્તન ક્યારે કેટલા વર્ષોબાદ કેવી–કેવી રીતે થતું રહેશે તેની દિશા–દોરી જૈન ધર્મ બતાવે છે. એટલું જ નહિં ભૂતકાળના અગણિત–અગણિત (અનંત) વર્ષો કેવા–કેવા ભાવોમાંથી સુખ–દુ:ખમાંથી પસાર થયાં તેનું અને આવનારા અનંત – અનંત વર્ષો કેવા–કેવા ભાવોમાંથી સચેતન અથવા કેવી રીતે પસાર થશે તેની સચોટ રૂપરેખા અને ભવિષ્યકથન જૈન ધર્મ જણાવે છે.

અવસર્પિણીનો કાળ એટલે ઉતરતો–ઘટતો કાળ ઉપરથી નીચે ઉતરતો કાળ જેમાં બધી જ વસ્તુના પ્રભાવો ઘટે સ્વભાવો ઉતરતા જાય, ફળ – ફલાદિ – રસ કસવિનાના થાય, આયુ–બલ–બુદ્ધિ હીન થતાં જાય. એ ક્રમશ: ઘટતા–ઘટતા પહેલા આરાથી છઠ્ઠા આરા સુધી એકદમ ખાલી થઈ જાય એવું કહી શકાય.

દરેક આરાના અત્યધિક સુખ–પછી માત્ર સુખ, પછી સુખ–દુ:ખ એમ પ્રાણી ગણને થતાં સુખ–દુ:ખના ભાવોને આધારે તેમના ક્રમસર સુષમ–સુષમ આરો એ રીતે છ આરાના નામો આપેલાં છે.

દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી અનાદિ – સંસિદ્ધ એવા છ છ પ્રકારના આરાના (યુગના) ભેદથી પરિપૂર્ણ થાય છે. અવસર્પિણીના છ આરા ક્રમાત્ હીન–હીન ભાવવાળા હોય છે. આવી અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ ભૂતકાળમાં અનંતી વહી ગઈ અને ભવિષ્યમાં અનંતી પસાર થઈ જશે! આ ઘટમાળ તથાવિધ જગત્સ્વભાવે ચાલુ જ છે.

| **અવસર્પિણી આરા** | **ઉત્સર્પિણી આરા** | **નામ** | **કાળમાન** | **આયુષ્ય** | **મનુષ્યશરીર** |
|---|---|---|---|---|---|
| પહેલો | છઠ્ઠો | સુષમ–સુષમા | ૪ કોટાકોટી સાગરોપમ | ૩ પલ્યોપમ | ૩ ગાઉ |
| બીજો | પાંચમો | સુષમા | ૩ કોટાકોટી સાગરોપમ | ૨ પલ્યોપમ | ૨ ગાઉ |
| ત્રીજો | ચોથો | સુષમા–દુષમા | ૨ કોટાકોટી સાગરોપમ | ૧ પલ્યોપમ | ૧ ગાઉ |
| ચોથો | ત્રીજો | દુષમા–સુષમા | ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોટાકોટી સાગરોપમ | પૂર્વ ક્રોડ વર્ષ | ૫૦૦ ધનુષ્ય |
| પાંચમો | બીજો | દુષમા | ૨૧૦૦૦ વર્ષ | અંતે ૧૩૦ વર્ષ | અંતે ૭ હાથ |
| છઠ્ઠો | પહેલો | દુષમા–દુષમા | ૨૧૦૦૦ વર્ષ | અંતે ૨૦ વર્ષ | અંતે ૧ હાથ |

૧-૬(આરો): **સુષમ-સુષમા** નામના કાળમાં મનુષ્યોને ઘણું ઘણું સુખ હોય છે. એટલે કેવળ સુખ, સુખ અને સુખ હોય છે.

૨-૫ (આરો):**સુષમા** નામના કાળમાં મનુષ્યોને ઘણું સુખ આપે છે.

૩-૪ (આરો) : **સુષમ-દુષમ** નામના કાળમાં મનુષ્યોનુ એકંદરે સુખ ઘણું હોવા છતાં અલ્પ પ્રમાણમાં દુ:ખ હોય છે.

૪-૩ (આરો): **દુષમ-સુષમા** નામના કાળમા મુનષ્યને બહુ દુ:ખ અને સુખ થોડું હોય છે.

૫-૨ (આરો): **દુષમ** નામના કાળમાં મનુષ્યને ઘણું દુ:ખ હોય છે.

૬-૧ (આરો): **દુષમ-દુષમા** નામના કાળમાં મનુષ્યોને કેવળ દુ:ખ-દુ:ખ અને દુ:ખ હોય છે.

jainuniversity.org

આ બધા આરાની સમજૂતી આ પ્રમાણે આપી શકાય

૧. **સુષમ - સુષમ આરો :** સુખ સુખ. જેમાં કેવલ સુખ જ વર્તતું હોય તે. આ આરો સૂક્ષ્મઅદ્ધા ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. આ આરાના પ્રારંભમાં મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમ અને શરીરની ઊંચાઈ ત્રણ ગાઉની હોય છે. આ આરાના મનુષ્યો ત્રીજે ત્રીજે દિવસે એક તુવેરના દાણા પ્રમાણ કલ્પવૃક્ષનાં પત્ર-પુષ્પફળાદિનો આહાર કરે છે, અને તેટલા પ્રમાણ આહારના તથા વિધ સત્ત્વથી તેઓને ત્રણ દિવસ સુધી ક્ષુધા લાગતી પણ નથી. આ આરામાં વર્તતા મનુષ્યોની પાંસળીઓ વધીને ૨૫૬ હોય છે.

૨. **સુષમ આરો:** જે આરો સુખમય છે એટલે કે પ્રથમ આરાની અપેક્ષાએ સુખ અલ્પ હોય છે તો પણ આ આરામાં દુ:ખનો અભાવ છે. આ આરો ત્રણ કોડાકોડી (સૂ. સૂ.) સાગરોપમનો છે. આ આરાના પ્રારંભમાં મનુષ્યનું આયુષ્ય બે પલ્યોપમ, શરીરની ઊંચાઈ બે ગાઉ અને પાંસળીઓ ૧૨૮ હોય છે. આ આરામાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને બે દિવસને આંતરે ખાવાની ઈચ્છા થાય છે; અને ઈચ્છાની સાથે બોર પ્રમાણ વસ્તુઓનો આહાર કરી તૃપ્તિને પામે છે.

૩. **સુષમ-દુ:ષમ આરો :** જેમાં સુખ અને દુ:ખ બંને હોય તે. એટલે કે સુખ ઘણું અને દુ:ખ થોડું હોય તેવો કાળ તે અવસર્પિણીનો ત્રીજો આરો સમજવો. આ આરાનો કાળ બે સાગરોપમનો છે. આ આરાના પ્રારંભમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનું આયુષ્ય એક પલ્યોપમ, દેહની ઊંચાઈ એક ગાઉની અને પાંસળીઓની સંખ્યા ૬૪ હોય છે. આ મનુષ્યો બોરથી વિશેષ પ્રમાણવાળું જે આમળું તેટલા પ્રમાણનો આહાર એકેક દિવસને આંતરે ગ્રહણ કરે છે.

આ ત્રણે આરામાં અહિંસકવૃત્તિવાળાં ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો (ચતુષ્પદો અને ખેચરો) અને મનુષ્યો યુગલધર્મી હોય છે. એટલે તથા વિધ કાળબળે જ સ્ત્રી-પુરુષ (નરમાદા) બન્ને જોડલે જ ઉત્પન્ન થાય, અને તે તે ક્ષેત્રયોગ્ય દિવસો વ્યતીત થયે, તે જ યુગલ પતિ -પત્ની રૂપે સર્વ વ્યવહાર કરે. તથાવિધ કાળપ્રભાવે યુગલિક મનુષ્યનો આ જ ધર્મ હોય છે, પરન્તુ કોઈ પણ બે પુરુષ કે બે સ્ત્રી અથવા એકલો પુરુષ કે એકલી સ્ત્રી ઉત્પન્ન ન થાય. આવી રીતે ઉત્પન્ન થયેલાં બાળક-બાળિકાનો પતિ-પત્ની તરીકેનો સંબંધ, કે પ્રેમ વિવાહ વિના પણ ટકી રહે છે તેથી જ તે 'યુગલીકધર્મી' કહેવાય છે. આ યુગલિકો વજ્રઋષભનારાચસંઘયણના ધારક હોય છે. સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે. અનેક પ્રકારનાં ધાન્યનો સદ્‌ભાવ છતાં તેને નહિ વાપરતાં દશ પ્રકારના કલ્પવૃક્ષથી પોતાના સર્વ વ્યવહારને ચલાવનારા હોય છે. આ યુગલિકક્ષેત્રની ભૂમિ ક્ષુદ્રજંતુઓના ઉપદ્રવથી તથા ગ્રહણાદિ સર્વ ઉલ્કાપાતોથી રહિત હોય છે. અને

શરીર તદ્દન નીરોગી હોવા સાથે જુદાં જુદાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષોથી સર્વ નિર્વાહ કરે છે.

એ કલ્પવૃક્ષનાં (૧) મત્તાંગ, (૨) ભૃતાંગ, (૩) ત્રૂટિતાંગ, (૪) જ્યોતિરંગ, (૫) દીપાંગ, (૬) ચિત્રાંગ, (૭) ચિત્રરસાંગ, (૮) મણ્યંગ, (૯) ગૃહાકાર, (૧૦) અનગ્ન કલ્પવૃક્ષ એ દશ નામો છે. તેનું કંઈક સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. **'મત્તાંગ'** એટલે આ કલ્પવૃક્ષ પાસે યાચના કરતાં તેનાં ફળોને પુષ્પો અહીંના સ્વાદથી અનેકગુણ વિશેષ સ્વાદવાળી મદિરાને તથા આરોગ્ય–તુષ્ટિ–પુષ્ટિને કરનારા મધુરસોને પૂરું પાડનાર.

૨. **'ભૃતાંગ'** સપ્ત ધાતુનાં તેમજ લાકડા વગેરે ઈચ્છિત પ્રકારનાં સર્વજાતનાં ભાજનો – વાચણોને પૂરા પાડનાર.

૩. **'તૂર્યાંગ' (ત્રૂટિતાંગ)** આ કલ્પવૃક્ષ ફળો, વીણા, સારંગી વગેરે સર્વજાતનાં વાજિંત્રોની ગરજ સારે છે.

૪. **'જ્યોતિષિકાંગ'** પ્રકાશ કરનારાં આ કલ્પવૃક્ષો સર્વ પ્રકારનાં દેદીપ્યમાન તેજની ગરજ સારવાવાળાં હોય છે, તેમાં રાત્રિએ તો કોઈ મહાન તેજને દેનારાં હોવાથી ત્યાંના નિવાસીઓની ગમનાગમન–વિહાર વગેરે સુખેથી થઈ શકે છે.

૫. **'દીપશિખાંગ'** જ્યાં જ્યોતિરંગનો પ્રકાશ ન પડતો હોય તે સ્થાનમાં દીપકની ગરજને સારનારાં દીપાંગ કલ્પવૃક્ષો પ્રકાશ આપી રહ્યાં છે.

૬. **'ચિત્રાંગ'** કલ્પવૃક્ષો ચિત્ર–વિચિત્ર પુષ્પોની માળાઓને આપવામાં ઉપયોગી છે.

૭. **'ચિત્રરસાંગ'** વિચિત્ર રસવંત ભોજનને આપનારા, વળી અનેક પ્રકારની મીઠાઈને આપનારા છે. આ મીઠાઈનો સ્વાદ ચક્રવર્તી માટે બનતી મીઠાઈ જેવો હોય છે.

૮. **'મણ્યંગ'** કલ્પવૃક્ષો મણિ વગેરે સર્વપ્રકારનાં આભૂષણોને આપનારાં છે.

૯. **'ગેહાકાર'** કલ્પવૃક્ષો – વિવિધ આકારના ઈચ્છિત માળવાળાં ગૃહો માટે ઉપયોગી છે.

૧૦. **'અનિયત'** કલ્પવૃક્ષો ખૂટતી કોઈપણ પ્રકારની વસ્તુની પૂર્તિને કરનારાં અને સર્વપ્રકારની વસ્રાદિને આપનારાં હોય છે.

આ દશ કલ્પવૃક્ષનું **'અનગ્ન'** એવું પણ નામ છે તે વિવિધ પ્રકારનાં વસ્ર વગેરે આપવાવડે સમર્થ છે. અને તેથી યુગલિકોને અનગ્ન રહેવું પડતું નથી.

આ યુગલિકો પોતાનાં સંતાનોના નિર્વાહ પહેલા આરામાં ૪૯, બીજા આરામાં ૬૪ અને ત્રીજા આરામાં ૭૯ દિવસ પર્યંત કરે છે. ત્યારબાદ તેઓને અપત્ય પરિપાલનની જરૂર નથી હોતી.

ત્રીજા આરાને અંતે દંડાદિ નીતિ પ્રવર્તક કુલકરોની ઉત્પત્તિ અને તે પછીના સમયમાં શ્રી ઋષભદેવનો જન્મ થાય છે.

જ્યારે યુગલિકોમાં કાળક્રમે દોષો વિશેષ વધી પડે છે. ત્યારે કુળની મર્યાદાને કરનારા જે વિશિષ્ટ પુરુષો ઉત્પન્ન થાય છે તેને કુલકર કહેવામાં આવે છે.

આ પુરુષો પરિભાષણાદિ ચાર પ્રકારની દંડનીતિ પ્રવર્તાવે છે. ત્રીજા આરાને અંતે શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થંકર તરીકે ઉત્પન્ન થયા. જેઓ ૮૪લાખ પૂર્વ આયુષ્ય પૂર્ણ કરી તદ્‌ભવ મોક્ષગામી થયા. તીર્થંકર શ્રી ઋષભદેવસ્વામીએ વીસ લાખ પૂર્વ કુમાર અવસ્થામાં ગાળ્યાં, ૬૩ લાખ પૂર્વ રાજ્ય અવસ્થામાં અને એક લાખ પૂર્વ શ્રમણ–સાધુપર્યાય પાળી, ત્રીજા આરાનાં ૮૯ પખવાડિયાં બાકી રહ્યાં ત્યારે તેઓ સિદ્ધિપદને પામ્યા. દેશવિરતિ, સર્વવિરતિની ઉત્પત્તિ ક્ષેત્રના કાળ–દોષે વિચ્છેદ પામેલી તે ચાલુ અવસર્પિણીમાં શ્રી ઋષભદેવ પ્રભુથી શરૂ થઈ. અવધિજ્ઞાન આદિની પણ ઉત્પત્તિ થઈ.

પુરુષની ૭૨ કળાઓ, સ્ત્રીની ચોસઠ કળાઓ પણ તે પ્રભુએ જ પ્રવર્તાવી, અનેક પ્રકારની કલા – કારીગરીઓ (શિલ્પો) આ કાળમાં પ્રથમ તે જ પ્રભુએ ગૃહસ્થાવસ્થામાં જગતને બનાવી, આ અવસર્પિણી આશ્રયી સર્વપ્રકારનો પ્રથમ વ્યવહાર તેમણે જ પ્રગટ કર્યો, અને તેઓએ ઉત્તમ નૈતિક નિયમો અને આચરણો સર્વ જગત સમક્ષ પ્રવર્તાવ્યાં. હજારો પ્રકારના વ્યવહારો, સર્વ પ્રકારનાં ગણિતો, કુંભકારની કળાઓ, મૂલ પંચપ્રકારની મૂલભાષા – લિપિઓ પણ તેઓશ્રીથી (પુત્રી બ્રાહ્મી–સુંદરીથી) પ્રવર્તેલી જાણવી, અવસર્પિણીના ત્રીજા આરાના અંતે તીર્થંકર દેવની ઉત્પત્તિનો પ્રારંભ અને આ આરાના પ્રારંભમાં એક પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. ત્રીજા આરાથી ચોથા આરામાં, અને ચોથા આરાથી પાંચમાં આરામાં, પાંચમાંથી છઠ્ઠામાં અનુક્રમે સંઘયણ, સંસ્થાન, ઊંચાઈ વર્ણ–રસ–ગંધ–સ્પર્શ–હીન, હીનતર, હીનતમ સમજવા. જ્યારે રાગ–દ્વેષ કષાયોની ક્રમશ: વૃદ્ધિ સમજવી. એથી તો અત્યારે પંચમકાળમાં આપણને છેલ્લું 'સેવાર્ત' – છેવટ્ઠું સંઘયણ (હાડકાંની સંધિનો બાંધો – વિશેષ) વર્તે છે. જેથી શરીરના ભાગને અલ્પ ઉપદ્રવ થવાથી હાડકું ભાંગી જાય છે. અને અનેક પ્રકારનાં તેલ વગેરેનાં સેવનદ્વારા મૂલસ્થિતિમાં લાવવા પ્રયત્ન સેવવો પડે છે. વળી કષાયોનો ઉદય પણ સવિશેષ જોવાય છે.

૪. **દુ:ષમ સુષમ આરો :** આ ચોથા આરામાં દુ:ખ વિશેષ, તે પછી સુખદુ:ખની મિશ્રતા. આ આરો ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. આ આરામાં ઉત્કૃષ્ટ આયુષ્ય એક પૂર્વક્રોડનું હોય છે. પૂર્વે ત્રીજા આરાને અંતે ઋષભદેવસ્વામી થયા, તેમને કેવળ–સંપૂર્ણજ્ઞાન થયા બાદ તેમના માતાજી મરૂદેવા, તીર્થ સ્થપાયા પહેલાં જ અંતકૃત્ કેવળી થઈ મોક્ષે ગયા. ત્યારથી મોક્ષમાર્ગ શરૂ થયો. આ માર્ગ ચોથા આરામાં ચાલુ રહ્યો.

પ્રથમ તીર્થંકર સિવાયના શ્રી અજીતનાથ પ્રમુખ ૨૩ તીર્થંકરો આ ચોથા આરામાં જ મોક્ષે ગયા છે. અને તે તે અવસર્પિણીમાં થનારા ૨૪ તીર્થંકરો પૈકી ત્રેવીશ તીર્થંકરોનું તો આ કાળમાં જ સિદ્ધિગમન હોય છે.

વળી પ્રથમ ચક્રવર્તી શ્રી ભરતમહારાજા ત્રીજા આરામાં થયા છે અને બાકીના ૧૧ ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બલદેવ, એ સર્વે ચતુર્થ આરામાં ઉત્પન્ન થયા છે. એ સહુને **૬૩ શલાકા પુરુષો** કહેવાય છે. આ શલાકાપુરુષો સિવાય જે નવ નારદ, અગિયાર રૂદ્ર વગેરે વિશિષ્ટ પુરુષ થયા છે તે પણ ચતુર્થ આરામાં થયા છે.

આ અવસર્પિણીમાં જ આ પ્રમાણે થયું છે. એમ નહીં પરંતુ જે પ્રમાણે આ અવસર્પિણીના ત્રીજા આરા અને ચોથા આરામાં જેટલા તીર્થંકરો, ચક્રવર્તીઓ વગેરે મહાન પુરુષો થયા છે, તેટલા જ પ્રત્યેક અવસર્પિણીમાં સમજવા.

૫. **દુ:ષમ આરો :** જેમાં કેવળ દુ:ખ હોય તે. આ દુ:ષમ આરો ૨૧૦૦૦ વર્ષ પ્રમાણનો છે. આ આરાના પ્રારંભમાં મનુષ્યની ઊંચાઈ ઉત્કૃષ્ટ સાત હાથની છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય બહુલતાએ ૧૩૦ વર્ષનું હોય છે. ચોથા આરાના અંતે ઉત્પન્ન થયેલા શ્રી મહાવીરપરમાત્મા ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે બોતેર વર્ષનું આયુષ્ય ભોગવી સિદ્ધિપદ પામ્યા. ત્યારપછી તેમની ત્રીજી પાટે શ્રી જંબૂસ્વામીજી થયા. તેઓના સિદ્ધિગમન પછી આ પંચમકાળમાં મન:પર્યવજ્ઞાની, કેવળજ્ઞાન, મોક્ષગમન ઈત્યાદિ દસ વસ્તુનો વિચ્છેદ થયો.

અર્થાત્ તદ્ભવ મોક્ષગામીપણાનો અભાવ થયો છે. આ વિચ્છેદ ભરત, ઐરવત ક્ષેત્રમાંથી જાણવો, પરંતુ મહાવિદેહક્ષેત્રમાં કે જ્યાં હંમેશાં ચતુર્થ આરાના પ્રારંભના ભાવો વર્તે છે. ત્યાં મોક્ષમાર્ગ સદા – ચાલુ જ છે. જો કે આ કાળમાં આ ક્ષેત્રમાંથી સીધું મોક્ષગમન નથી, તથાપિ અહીંયા આત્મકલ્યાણાર્થે કે પુણ્યોપાર્જનાર્થે કરેલી સર્વ આચરણાઓનું ફલ આગામી ભવમાં થનારી સિદ્ધિપ્રાપ્તિમાં પ્રબલ કારણરૂપ

બને છે. આ કાળના જીવો અલ્પાયુષી, પ્રમાદી, શિથિલાચારી, શરીરબળમાં નિર્બળ હોય છે. અનેક પ્રકારે અનીતિઓ–પ્રપંચાદિ પાપકર્મોને કરનારા અને મમત્વાદિભાવોમાં આસક્ત તેમજ ધર્મઅધર્મનો વિવેક નહિ રાખનારા હોય છે.

આ પાંચમા આરાને અંતે, ક્ષાર, અગ્નિ, વિષાદિની મુખ્ય પાંચ જાતની કુવૃષ્ટિઓ સાત સાત દિવસ સુધી પડે છે. એથી વીજળીના ભયંકર ત્રાસો ઉત્પન્ન થાય છે. અને ભયંકર વ્યાધિઓને ઉત્પન્ન કરનારી ઝેરી જલની વૃષ્ટિ પડે છે. તથા પૃથ્વી ઉપર રહેલી વસ્તુને ખેદાન મેદાન કરી નાંખનાર ભયંકર ભયંકર વાયરાઓ વાય છે. અને એથી લોકો મહાત્રાસને પામતાં કરુણ સ્વરે આક્રંદ કરે છે. પૃથ્વી ઉપર રહેવા માટે કે પહેરવા માટે ગૃહ, વસ્ત્રાદિ કોઈ પણ વસ્તુઓ, જમીનમાંથી પેદા થતાં ધાન્ય–ફળો વગેરે પણ નષ્ટપ્રાય: થઈ જાય છે. વળી સર્વ નદીઓનાં પાણી પણ સુકાઈ જાય છે. માત્ર શાશ્વતી હોવાથી ગંગા અને સિંધુ નદીઓ પ્રવાહ ગાડાના ચીલા પ્રમાણ વિસ્તારમાં અને ઊંડાઈમાં પગનું તળિયું ડૂબે તેટલો જ હોય છે. તે વખતે મનુષ્યો પોતાનુ રક્ષણ કરવા ગંગા અને સિંધુ નદીઓના કાંઠાઓ ઉપર રહેલી ભેખડોમાં ગુફા જેવાં બીલોનાં સ્થાનો હોય છે ત્યાં જઈને રહે છે, અને ત્યાં દુ:ખી અવસ્થામાં વસ્ત્રાભાવે સ્ત્રી–પુરુષની મર્યાદારહિત નગ્નપણે વિચરે છે. તથા ગંગા નદીના પ્રવાહમાં રહેલા મત્સ્યોનું ભક્ષણ કરીને જીવનનિર્વાહ કરે છે. તે વખતે ચંદ્ર પણ અત્યંત શીતલ કિરણોને સૂર્ય અતિ ઉષ્ણ કિરણોને ફેંકે છે.

આ સર્વ ભાવો પંચમ આરાના અંતે ક્રમે ક્રમે પ્રારંભાય છે. તેમજ ચતુર્વિધસંઘ, ગણ, ઈતર દર્શનોના સર્વ ધર્મો, રાજ્યનીતિ, બાદર અગ્નિ, રાંધવું વગેરે પાક (રસોઈ) – વ્યવહાર, ચારિત્રધર્મ સર્વ ક્રમે ક્રમે વિચ્છેદ પામે છે.

તથા ચરમ તીર્થપતિ શ્રી મહાવીરપ્રભુનું શાસન કે જે અવિચ્છિન્નપણે ચાલ્યું આવે છે. જેના છેલ્લા સમયે પણ શ્રીદુપ્પસહસૂરિ, ફલ્ગુશ્રી સાધ્વી, નાગિલનામા શ્રાવક અને સત્ય શ્રી નામની શ્રાવિકા તે રૂપ ચતુર્વિધસંઘનો પણ આ પંચમ આરાના અંતિમ દિવસનો પ્રથમ પ્રહર પૂર્ણ થયે વિચ્છેદ થશે. અર્થાત્ પૂર્વાહ્નકાળે શ્રુતધર્મ, આચાર્ય, સંઘ અને જૈન ધર્મનો વિચ્છેદ થશે; મધ્યાહ્ને વિમલવાહન રાજા, સુધર્મમંત્રી અને તેનો રાજધર્મ વિચ્છેદ થશે અને સંધ્યાકાળે બાદર અગ્નિ વિચ્છેદ પામશે.

અત્યારે પાંચમા આરાનો પ્રારંભ છે જેને લગભગ ૨૫૦૦ વર્ષ થયાં છે, હજુ લગભગ ૧૮૫૦૦ વર્ષ બાકી છે. તે પૂરા થવાના કાળમાં ઉપરોક્ત બનાવો બનવા પામશે. હાલ તો ક્રમશ: હ્રાસ દરેક ક્ષેત્રમાં થતો જશે.

૬. **દુષમ – દુષમ આરો :** જેમાં દુ:ખ હોય, અર્થાત્ સુખનો બિલકુલ અભાવ હોય તે. આ આરો પણ ૨૧૦૦૦ વર્ષપ્રમાણનો છે. આ આરાના મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ બે હાથનું, આયુષ્ય પુરુષનું વીસ (૨૦) વર્ષનું અને સ્ત્રીઓનું ૧૬ (સોળ) વર્ષનું હોય છે. પંચમ આરાના છેડે કહેલા સર્વ દારુણ ઉપદ્રવો તેથી વિશેષ પ્રમાણમાં છઠ્ઠા આરામાં વર્તે છે. આ આરામાં સ્ત્રીઓ અત્યન્ત વિષયાસક્ત અને શીઘ્ર યૌવનને પામનારી હોય છે. છઠ્ઠે વર્ષે ગર્ભને ધારણ કરનારી અને નાની ઉમંરમાંથી જ ઘણા બાળક–બાળિકાઓને દુ:ખે કરીને જન્મ આપનારી હોય છે.

આમ આ બિચારા, નિષ્પુણ્યક જીવો આ આરાનો કાળ દુ:ખેથી – મહાકષ્ટે પૂર્ણ કરે છે.

# ઉત્સર્પિણીનું સ્વરૂપ

પૂર્વે અવસર્પિણીના છ આરાનું સ્વરૂપ ટૂંકમાં દર્શાવ્યું, તેથી વિપરિત પશ્ચાનુપૂર્વીએ ઉત્સર્પિણીના છ આરાનું સ્વરૂપ દર્શાવાય છે.

૧. **દુષમ – દુષમ આરો :** જેમાં દુ:ખ ઘણું હોય તે. આ આરો ૨૧૦૦૦ વર્ષ પ્રમાણનો છે. અવસર્પિણીના છઠ્ઠા આરાના પ્રારંભથી તે પર્યંત સુધી દરેક પદાર્થોના ભાવો ક્રમે ક્રમે હીન થતા જાય છે, જ્યારે ઉત્સર્પિણીના પ્રથમ આરામાં દિનપ્રતિદિન વર્ણ–ગન્ધાદિ–રસ–સ્પર્શ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાનાદિમાં ક્રમે ક્રમે શુભપણાની વૃદ્ધિ થતી જાય છે.

આ આરો સર્વ પ્રકારના કાળભેદના આદ્ય સમયે જ પ્રારંભાય છે, એથી પ્રથમ ઉત્સર્પિણી પછી અવસર્પિણી એવો ક્રમ વર્તે છે.

jainuniversity.org

૨. **દુષમ આરો:** આ આરામાં દુ:ખ હોય છે પરંતુ અતિશય દુ:ખનો અભાવ વર્તે છે. અવસર્પિણીનો પાંચમો અને ઉત્સર્પિણીનો બીજો આરો ઘણી ખરી બાબતમાં સમાનતા ધરાવનારો છે. આ આરાના પ્રારંભમાં **'પુષ્કરાવર્તમહામેઘ'** મૂશળધારા એ સાત દિવસ સુધી અખંડ વરસે છે, અને તેની શીતલતાથી પૃથ્વી ઉપર સર્વ આત્માઓને શાન્તિ પેદા થાય છે. ત્યારબાદ **'ક્ષીરમહામેઘ'** સાત દિવસ સુધી અખંડ વરસી જમીનમાં શુભ વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિ પેદા કરે છે. ત્યારબાદ **'ધૃતમેઘ'** સાત દિવસ વરસી પૃથ્વીમાં સ્નિગ્ધતા પેદા કરે છે. ત્યારબાદ **'અમૃતમેઘ'** પણ તેટલા જ દિવસ ગાજવીજ સાથે વરસી ઔષધિઓના તેમજ વૃક્ષ–લતાના અંકુરોને ઉત્પન્ન કરે છે. ત્યાર પછી **'રસમેઘ'** સુંદર રસવાળા જલની વૃષ્ટિને સાત દિવસ સુધી વરસાવીને વનસ્પતિઓમાં તિક્તાદિક પાંચ પ્રકારના રસોને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે સંપૂર્ણ ભરતક્ષેત્રમાં એકી સાથે વર્ષતા મેઘવડે અનેક જાતની વનસ્પતિઓ અનેક પ્રકારે સુંદર સુંદર રીતિએ ખીલી નીકળે છે. ને પૃથ્વી રસકસથી ભરપૂર બની જાય છે. (અવ. ના છઠ્ઠા આરાના અંતે જો કે સર્વ વસ્તુનો વિનાશ કહ્યો છે પણ બીજરૂપ અસ્તિત્વતો સર્વનું હોય જ છે.) આ મેઘ વરસી રહ્યા બાદ સર્વ બીલવાસીજનો બીલ બહાર નીકળી અત્યન્ત હર્ષને પામતાં જાતજાતની સુંદર વનસ્પતિ વગેરેની લીલાઓને અનુભવતા પરસ્પર ભેગા થઈ 'હવેથી આપણે દારુણ દુર્ગતિના હેતુરૂપ માંસાહારને વર્જીને વનસ્પત્યાદિનો આહાર કરવો.' ઈત્યાદિ વિવિધ નિયમો ઘડે છે. આ આરો અવસર્પિણીના પાંચમાં આરા સમાન હોવાથી આયુષ્ય વધતાં ૧૩૦ વર્ષનું થાય છે. સંઘયણ, સંસ્થાન, શરીરની ઊંચાઈ વગેરે સર્વ ક્રમે ક્રમે વૃદ્ધિવાળું થતું સમજવું.

૩. **દુષમ સુષમ આરો :** જેમાં દુ:ખ ઓછું સુખ થોડું હોય તે. બીજા આરાના ૨૧૦૦૦ વર્ષ વીત્યા બાદ ત્રીજો આરો પ્રવર્તે છે. આ આરામાં આયુષ્ય વધતું વધતું ત્રીજા આરાને અંતે પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ અને મનુષ્યોની ઊંચાઈ ૫૦૦ ધનુષ્યની થાય છે. આ આરાના મનુષ્યોને તથા વિધ સામગ્રીને પામી સિદ્ધિગમન – મોક્ષપ્રાપ્ત કરવું હોય તો કરી શકવા માટે નો સિદ્ધિમાર્ગ ખુલ્લો હોય છે. આ આરો અવસર્પિણીના ચોથા આરા સમાન હોવાથી સર્વ ભાવો તે પ્રમાણે સમજવા. આ આરામાં સર્વનીતિનું શિક્ષણ, શિલ્પકળાદિ સર્વ વ્યવહારોને જિનેશ્વરો પ્રવર્તાવતા નથી, પરંતુ લોકો તથાપ્રકારની વ્યુત્પન્ન બુદ્ધિવાળા હોવાથી જ પૂર્વના ક્ષયોપશમને અને સાથે તે ક્ષેત્રના અધિષ્ઠાતાના તથાવિધ પ્રભાવે સર્વ અનુકૂળ વ્યવહારો પ્રવર્તમાન થાય છે. આથી જ 'અવસર્પિણીવત્ ઉત્સર્પિણીમાં સર્વ વ્યવહારો કુલકરો પ્રવર્તાવતા નથી.' એવું જે શાસ્રીય કથન છે તે યોગ્ય જ છે.

જો કે કુલકરો આ ઉત્સર્પિણીના ચોથા આરાના પ્રથમ વિભાગમાં ઉત્પન્ન થાય છે, પણ વ્યવહાર પ્રવર્તાવવાનું તે કાળમાં કુલકરોને પ્રયોજન રહેતું નથી, કારણ કે સર્વ વ્યવહારો ત્રીજા આરામાંથી જ શરૂ થઈ ચૂકેલા

હોય છે. અહિંયા કેટલાક આચાર્યો ઉત્સર્પિણીના ચોથા આરામાં ૧૫ કુલકરોની ઉત્પતિ માને છે અને તેથી તે વખતે ધિક્કારાદિ ત્રણ દંડ નીતિ પ્રવર્તાવે છે એમ કહે છે. જો કુલકરની ઉત્પતિવાળી માત્ર અવસર્પિણી જ રહે! માટે કુલકરોની ઉત્પતિ માનવી અનુચિત નથી જ.

ઉત્પર્પિણીના ત્રીજા આરામાં પ્રથમ તીર્થંકર પદ્મનાભાદિ વગેરે ત્રેવીસ તીર્થંકરોની ઉત્પતિ કહેલી છે.

અવસર્પિણીના જે છેલ્લા તીર્થંકર તેના સરખા ઉત્સર્પિણીના પહેલા તીર્થંકર હોય એ પ્રમાણે શાસ્ત્રોમાં જેવી રીતે ક્રમ કહ્યો છે તેવી રીતે યથાસંભવ વિચારવો.

આ ઉત્સર્પિણીકાળમાં પણ ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ, નવ નારદ અને અગીયાર રૂદ્રો ઉત્પન્ન થાય છે. એમાં અગીયાર રૂદ્રો ને નવ નારદો સિવાયના ત્રેંસઠ શલાકા પુરુષો તરીકે ગણાય છે. એમાં તેવીસ તીર્થંકરો આ આરામાં જ ઉત્પન્ન થાય છે.

૪. **સુષ્મ દુષમ આરો :** સુખ ઘણું, દુઃખ થોડું તે. આ આરો અવસર્પિણીના ત્રીજા આરા સરખો સમજવો. આ આરાની ત્રણ ભાગની કલ્પના કરવી. એમાં પહેલાં વિભાગમાં રાજધર્મ, ચારિત્ર, અન્ય દર્શનીયોના સર્વ ધર્મો તથા બાદર અગ્નિ વિચ્છેદ પામશે. આ આરાના પ્રારંભનાં ૮૯ પખવાડિયાં વીત્યે ઉત્સર્પિણીના ચોવીસમાં તીર્થંકર તથા છેલ્લા ચક્રવર્તી ઉત્પન્ન થાય છે. ત્યારપછીના બીજા અને ત્રીજા બન્ને ભાગમાં અવસર્પિણીમાં કહેલું છે તેમ યુગલિકધર્મની પ્રવૃતિ પુનઃ શરૂ થાયછે.

૫. **સુષમ આરો :** આ આરો અવસર્પિણીના બીજા આરા સરખા ભાવોવાળો સમજવો. આ આરામાં કેવળ સુખ જ હોય છે.

૬. **સુષમસુષમ આરો:** આ આરો જેમાં કેવળ ઘણું સુખ હોય તે. અવસર્પિણીના પ્રથમ આરા સરખો સર્વ રીતે વિચારવો. જેનું સ્વરૂપ અવસર્પિણીના વર્ણન પ્રસંગે કહેવાઈ ગયું છે. પાંચમાં છઠ્ઠા બન્ને આરામાં યુગલિક મનુષ્યો અને તિર્યંચોનું અસ્તિત્વ વિચારી લેવું.

એ પ્રમાણે ઉત્સર્પિણીના છ આરાનું સ્વરૂપ કહ્યું છે.

આ પ્રમાણે દશ કોડાકોડી સાગરોપમની અવસર્પિણી અને દશ કોડાકોડી સાગરોપમની ઉત્સર્પિણી મળી એક કાલચક્ર થાય છે.

## પહેલો આરો : સુષમસુષમ

- પહેલો આરો એટલે અવસર્પિણી કાલનો પહેલો આરો એ અહીં વિવક્ષિત છે.
- આ સમયે ઉદ્દાલ, કુદ્દાલ, મુદ્દાલ, કૃત્તમાલ, નત્તમાલ, દન્તમાલ, નાગમાલ, શ્રૃંગમાલ, શંખમાલ, અને શ્વેતમાલ નામનાં વૃક્ષો હોય છે. આ વૃક્ષો ઉત્તમ પ્રકારનાં મૂળ, કંદ, છાલ, પાંદડા, ફૂલ, બીજથી યુક્ત હોય છે. અને મનોહર તથા સુશોભિત હોય છે.

  આ સમયમાં ખૂબ જ-ભેરૂતાલ વૃક્ષોનાં વન, હેરૂતાલ વૃક્ષોનાં વન, મેરૂતાલ, વૃક્ષોનાં વન, પ્રભાવલ વૃક્ષોનાં વન, સાલ વૃક્ષોના વન, સપ્તપર્ણ વૃક્ષોનાં વન, સોપારીનાં વૃક્ષોનાં વન, ખજૂરનાં વૃક્ષોના વન, નારિયેલનાં વૃક્ષોના વન હોય છે.
- આ સમયે અનેક ઉત્તમ પદ્મલતાઓ અને ચારે બાજુ સુગંધી વનરાજી હોય છે.
- આ સમયના ફલો સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોય છે.
- આ સમયનું વાતાવરણ પણ સ્વાસ્થ્યવર્ધક હોય છે.
- આ સમયે ઠેર - ઠેર વાવડીઓ, પુષ્કરિણીઓ, દીર્ધિકાઓ હોય છે. (વાવડી એટલે ચતુષ્કોણ જલાશય, પુષ્કરિણી એટલે ગોળ જલાશય, દીર્ધિકા એટલે લાંબા જલાશય)
- આ સમયે ઠેર-ઠેર મત્તાંગ, ભૃતાંગ, ત્રુટિતાંગ, દીપશિખા, જ્યોતિષિક, ચિત્રાંગ, ચિત્રરસ, મણ્યંગ, ગેહાકાર, અને અનગ્ન નામક કલ્પવૃક્ષો હોય છે.
- આ સમયનાં મનુષ્યો (સ્ત્રી-પુરુષો) સર્વાંગસુંદર, સર્વશુભ લક્ષણોથી યુક્ત હોય છે. હાથ-પગનાં ચિહ્નો સર્વશ્રેષ્ઠ હોય છે. એમની ચાલ પણ દર્શનીય હોય છે. આંગળીઓ ભેગી કરવાથી એમાં જગ્યા - છિદ્ર ન રહે. એમનાં મૂછ-દાઢી અવસ્થિત (જરીય પણ વધે નહીં એવા) હોય છે. એમની વાણી અત્યંત મધુર હોય છે. એમના દેહનાં અંગ-અંગમાં થી પ્રકાશ ફેલાય છે.
- આ સમયનાં મનુષ્યો ને પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન હોય છે.
- આ સમયનાં મનુષ્યો હંમેશા નિરોગી રહે છે. કોઈ પણ પ્રકારનો ઉપસર્ગ આવતો નથી.
- આ સમયે મનુષ્યોની ઊંચાઈ વધુમાં વધુ સંપૂર્ણ ત્રણ ગાઉ (છ હજાર ધનુષ્ય)ની હોય છે. અને ઓછામાં ઓછી 'કંઈક ન્યૂન ત્રણ ગાઉ'ની હોય છે.
- આ સમયમાં મનુષ્યોમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે અત્યંત અલ્પ પ્રમાણમાં હોય છે.
- આ સમયનાં મનુષ્યોને ૨૫૬ (બસો છપ્પન) પાંસળીઓ હોય છે.
- આ સમયનાં મનુષ્યોને ત્રણ દિવસે ખાવાની ઈચ્છા થાય છે. અને ત્રણ દિવસે પણ માત્ર તુવેરનાં દાણા જેટલો આહાર કરે.
- આ સમયે મનુષ્યો ભૂખ લાગે ત્યારે કલ્પવૃક્ષોથી પ્રાપ્ત થયેલા ફળો આરોગે છે.
- આ ફળો અતિમધુર હોય છે, અનુપમ હોય છે, બલ-વીર્ય વધારનાર હોય છે, અત્યંત સુખાકારી હોય છે, અલ્પપણ ઘણી તૃપ્તિ કરાવે એવા હોય છે, (શુભ) વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી યુક્ત હોય છે, ઉત્સાહ અને સ્ફૂર્તિ વધારનારા હોય છે, સાતે ધાતુનો ઉપચય કરનારા હોય છે, શરીરની ક્રાંતિને વધારનાર હોય છે, સૌંદર્ય અને સ્વાસ્થ્ય ને વધારનાર હોય છે.

- આ સમયે મનુષ્યો કલ્પવૃક્ષોમાં રહે છે. એટલે આ વૃક્ષો જ કોઈક શિખર જેવા હોય. કોઈ વૃક્ષો નાટ્યગૃહ જેવા હોય છે, કોઈ છત્ર, તોરણ, નગરદ્વાર, પ્રાસાદ–મહેલ, રાજભવન, શિખર વિનાનાં ગૃહ, ઝરોખા, જલમહેલ, હવેલી, ઈત્યાદિ આકારનાં હોય છે. એમાંથી જ્યાં મન ફાવે ત્યાં રહે છે.
- આ સમયે ગામ–નગર–શહેર–રાજ્ય–દેશ જેવું કશું જ હોતું નથી.
- આ સમયે યુદ્ધ, યુદ્ધકલા, લેખનકલા, ખેતી, વણિક્કલા ઈત્યાદિ કશું જ હોતું નથી.
- આ સમયે ચાંદી, સોનું, મણિ, મોતી, શંખ, હીરા, સ્ફટિક વગેરે હોય તો ખરાં, પણ આ સમયનાં મનુષ્યોનાં કોઈ ઉપયોગમાં આવતું નથી.
- ગામ નગરાદિ ન હોવાથી આ સમયે રાજા, મંત્રી, સેનાપતિ, ગૃહપતિ, શ્રેષ્ઠિઓ વગેરે કાંઈ હોતું નથી.
- આ સમયે સ્વામિ–સેવક ભાવ પણ નથી હોતો.
- ગુરુ–શિષ્ય પણું પણ નથી હોતું, શિક્ષણ જ નથી હોતું.
- આ સમયે માતા–પિતા–પુત્ર–ભાઈ–બહેન–પત્ની–પુત્રવધ સંબંધો હોય તો છે પણ એક બીજા પ્રતિ તીવ્ર પ્રેમ–બંધ નથી હોતો.
- આ સમયે હાથી, ઘોડા, ઊંટ, બળદ વગેરે હોય તો છે પણ આ સમયના મનુષ્યો તેને રાખતાં પણ નથી.
- આ સમયે ગાય–ભેંસ,–બકરી વગેરે હોય તો છે પણ આ સમયના મનુષ્યો તેનો ઉપયોગ કરતાં નથી.
- આ સમયે લગ્ન, શ્રાદ્ધ, દેવપૂજા, બલિ જેવું કશું હોતું નથી.
- આ સમયે ખાડાં–ટેકરા, ગુફાઓ, પ્રપાતો ઈત્યાદિ નથી હોતા. પરંતુ સમતલ અને રમણીય ભૂતલ હોય છે. (શાશ્વત પર્વતો, નદીઓ, દ્રહો, ઈત્યાદિ છોડીને બધાં સમતલ ભાગ હોય)
- આ સમયે પૃથ્વી એકદમ સ્વચ્છ હોય છે. ગંદી નથી. કચરો કાઢનાર સાવરણી કે માણસો પણ નથી હોતા. કાળનાં પ્રભાવે સુંદરતા જ હોય છે.
- આ સમયે મચ્છર–માખી –મંકોડા આદિનાં ઉપદ્રવો નથી હોતા.
- હિંસક પ્રાણીઓ પણ ભદ્ર (સરલ) પરિણામી હોય છે.
- વૈરનો અનુબંધ, યુદ્ધો, લડાઈ–ઝઘડા જેવું કશું જ ન હોય.
- શરીરીની વ્યાધિ, મનની આધિ કે ધનાદિ ની ઉપાધિ પણ હોતી નથી.
- આ સમયે મનુષ્યોનું આયુષ્ય ઓછામાં ઓછું 'કંઈક ન્યૂન ત્રણ પલ્યોપમ' હોય અને વધુમાં વધુ 'સંપૂર્ણ ત્રણ પલ્યોપમ'નું હોય છે.
- આ સમયે મનુષ્યો તેમનાં આયુષ્યનાં છ મહિના બાકી રહે તે વખતે એક યુગલ (એક છોકરોને એક છોકરી) ને જન્મ આપે છે.
- આ સમયના મનુષ્યો પોતાનાં બાળકોનું પાલન–પોષણ માત્ર ૪૯ (ઓગણપચાસ)દિવસ જ કરે. પછી એ જાતે જીવન જીવે.
- આ સમયનાં યુગલિકો –મનુષ્યો ખાંસી, છીંક આદિ કોઈ પણ કષ્ટ લીધા વિના મૃત્યુ પામે અને મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય.

- પુત્ર પાલનનાં ૪૯ દિવસો = સાત સપ્તાહ – અઠવાડિયા

(૧) પહેલા સાત દિવસ ચત્તા સુતા સુતા અંગુઠાને ચૂસ્યા કરે.

(૨) બીજા અઠવાડિયા (સાત દિવસ)માં પૃથ્વી પર થોડાં પગલાં ભરે.

(૩) ત્રીજા અઠવાડિયા (સાત દિવસ)માં થોડું–થોડું મધુરવાણી દ્વારા, બોલે.

(૪) ચોથા અઠવાડિયે સ્ખલના પામતાં ચાલે.

(૫) પાંચમાં અઠવાડિયામાં સ્થિરતાથી ચાલે.

(૬) છઠ્ઠા અઠવાડિયામાં સર્વકળાનાં જાણકાર થાય.

(૭) સાતમાં અઠવાડિયામાં પૂર્ણ યૌવનવસ્થા પામી ભોગસમર્થ થઈ જાય છે.

- આ સમયે છ પ્રકારના મનુષ્યો હોય છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | **પમ્હગંધા** | – | પદ્મગંધા, કમળ જેવી સુગંધવાળા |
| (૨) | **મિખગંધા** | – | મૃગગંધા–કસ્તૂરી જેવી સુગંધવાળા |
| (૩) | **અમમા** | – | અમમ – મમત્વ વિનાના, |
| (૪) | **તેઅતલી** | – | તેજસ્વી. |
| (૫) | **સહા** | – | સહ – સહનશીલ |
| (૬) | **સણિયારી** | – | શનૈશ્ચારી–ઉત્સુકતાનો અભાવ હોવાથી ધીરે–ધીરે ચાલનારા. |

- પહેલાં આરાની શરૂઆતમાં જે જે ભાવો હોય તેના વર્ણ ગંધ રસ સ્પર્શ વગેરે બધી વસ્તુઓમાં હ્રાસનિમ્નતા થતી જાય. તેથી પહેલા આરાની શરૂઆતમાં ત્રણ ગાઉની કાયાને ત્રણ પલ્યોપમનું જે આયુષ્ય હતું, તે ઓછું થતું થતું પહેલા આરાનાં અંત સમયે બે ગાઉની કાયા અને બે પલ્યોપમનું આયુષ્ય થઈ જાય છે.
- આ પહેલો આરો કુલ ચાર કોટાકોટિ સાગરોપમનો હોય છે.
- પાંચ ભરત અને પાંચ ઐરવત એ દશે ક્ષેત્રોમાં પહેલો આરો આ રીતે જ હોય છે.
- આ આરામાં માણસો ખૂબ ખૂબ સુખી હોય છે.

## બીજો આરો : સુષમા

- અવસર્પિણી કાળનો બીજો આરો.
- આ સમયની શરૂઆતમાં મનુષ્યોની ઉંચાઈ બે ગાઉ (૪૦૦૦) ધનુષ્યની હોય છે અને ત્યારબાદ ઘટતી–ઘટતી બીજા આરાનાં અંત સમયે એક ગાઉની હોય છે.
- આ સમયની શરૂઆતમાં મનુષ્યોનું આયુષ્ય બે પલ્યોપમનું હોય છે અને ત્યારબાદ ઘટતું ઘટતું બીજા આરાનાં અંત સમયે એક પલ્યોપમનું હોય છે.
- આ સમયના મનુષ્યોની પાંસળિમાં હાડકાં ૧૨૮ (એકસો ને અઠ્યાવીશ) હોય છે.
- આ સમયે મનુષ્યોને બે દિવસે આહારની ઈચ્છા થાય છે અને ભૂખ લાગે ત્યારે બોરડીનાં ફળ જેટલું જ ખાય છે.
- આ સમયે યુગલિકો પોતાના બાળકનું પાલન ૬૪ (ચોસઠ) દિવસ સુધી કરે છે. પહેલા આરાનાં યુગલિકોની જેમ સાત અવસ્થાની પરિપાલનમાં બાળક યૌવનપૂર્ણ થઈ જાય છે. દરેક અવસ્થાનાં સમય થશે. નવ દિવસ– આઠ ઘડી–ચોત્રીસ પળથી કંઈક વધુ (એક ઘડી = ૬૦ (સાઈઠ)પળ)

- આ સમયે મનુષ્યો ચાર પ્રકારના હોય છે.

  (૧) **એક** – પ્રવર – શ્રેષ્ઠ

  (૨) **પઉરજંઘા –** પ્રચુરજંઘા –પુષ્ટ જંઘાવાળા,

  (૩) **કુસુમા** – કુસુમા – પુષ્પ જેવા સુકોમલ,

  (૪) **સુસમણા –** સુશમના – અત્યંત શાંત.

- બાકીનું બધું પહેલાં આરામાં કહ્યું તેવું જ બધું આ આરામાં પણ હોય છે. ફર્ક એટલો જ કે વર્ણ–ગંધ–રસ સ્પર્શાદિમાં હ્રાસ થઈ જાય છે.
- આ આરો ત્રણ કોટાકોટિ સાગરોપમ કાળનો હોય છે.
- પાંચ ભરત + પાંચ ઐરવત = દશ ક્ષેત્રોમાં બીજો આરો આ રીતે જ હોય છે. આ આરામાં માણસો ખૂબ સુખી હોય છે.

## ત્રીજો આરો : સુષમદુઃષમા

- આ આરાનો કાળ બે કોટાકોટિ સાગરોપમનો હોય છે.
- આ સમયનાં ત્રણ ભાગ પડે છે. એનાં દરેક ભાગનો સમય છે ૬૬૬૬૬૬૬૬ (છાસઠ લાખ, છાસઠ હજાર, છસોને છાસઠ)કોડ, ૬૬ (છાસઠ) લાખ, ૬૬ (છાસઠ) હજાર, ૬૬૬ (છસો ને છાસઠ) ૨/૩ અર્થાત્ ૬૬૬૬૬,૬૬,૬૬,૬૬,૬૬૬ ૨/૩ સાગરોપમ

  ૬૬૬૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬૬ ૨/૩ સાગરોપમ x ૩ = ૨ કોટાકોટિ સાગરોપમ)
- પહેલા બે ભાગનું જીવન પહેલાં ને બીજા આરા જેવું જ હોય છે.
- પહેલા બે ભાગમાં મનુષ્યોનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે.
- આ સમયે મનુષ્યોની અવગાહના (ઊંચાઈ)એક ગાઉની હોય છે.
- આ સમયે મનુષ્યોની ૬૪ (ચોસઠ) પાંસળીઓ હોય છે.
- આ સમયે પુત્રની પાલના ૭૯ (ઓગણયાસી) દિવસની હોય છે.
- પૂર્વે કહ્યું એમ સાત અવસ્થામાં પરિપાલના થાય છે. એક અવસ્થાનો સમય છે – ૧૧ (અગ્યાર) દિવસ, ૧૭, (સત્તર) ઘડીને ૮ (આઠ) પળથી કંઈક વધુ.
- આ સમયે આહારની ઈચ્છા એક દિવસ પછી થાય છે.
- બાકી બધું પ્રથમને બીજા આરા જેવું જ હોય.
- વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિ બદલાઈ જાય. હ્રાસ થતો જાય.
- ત્રીજા આરાના ત્રીજા ભાગમાં પ્રથમ સંઘયણી જ હોય એવું નહીં, છ એ છ સંઘયણો હોઈ શકે છે. એમ છ સંસ્થાનો પણ હોય છે.
- આ સમયે શરીરની ઊંચાઈ સેંકડો ધનુષ્યની (ગાઉની ઓછી) હોય છે.
- આ સમયે આયુષ્ય ઓછામાં ઓછું સંખ્યાતા વર્ષોનું હોય છે અને વધુમાં વધુ અસંખ્યાત વર્ષોનું (પલ્યોપમથી ઘણું ઓછું) હોય છે.
- આ સમયના મનુષ્યો દેવગતિમાં જ જાય એવું નહીં, પણ દેવ–નરક–તિર્યંચ–મનુષ્ય ચારે ગતિમાં જઈ શકે છે, એટલું જ નહીં મોક્ષે પણ જઈ શકે છે.

- આ સમયે અલ્પ–સમયમાં જ ખાવાની ઈચ્છા થઈ જાય.
- આ સમયે પ્રેમ, રાગ–દ્વેષ, ક્રોધાદિ વધતાં જાય છે.
- પુત્રનાં પાલનનાં દિવસો ઘણાં ઘણાં વધતા જાય છે.
- આ સમયે કલ્પવૃક્ષો પણ લોભિયાની જેમ, ઉત્તરોત્તરકાળે, ઓછું–ઓછું આપતા રહે છે.
- આ સમયે યુગલિકો કલ્પવૃક્ષોથી ફળ–ધાન્ય મળવા છતાંય સંગ્રહ કરનાર હોય છે. અને પરિણામે 'ઝઘડાનું મૂળ પરિગ્રહ–લોભ'ના ન્યાયે ઝઘડા કરતાં થાય છે.
- ત્રીજા આરાના ત્રીજા ભાગનાં પૂર્ણ થવામાં એક પલ્યોપમનો આઠમો ભાગ શેષ રહે ત્યારે કુલકરોનો યુગ આવે છે. અને રાગ–દ્વેષની વૃદ્ધિ થઈ ગઈ હોવાથી કુલકરો દંડનીતિ અપનાવે છે.
- ત્રીજા આરામાં પૂર્ણ થવામાં એક ત્રુટિતાંગ, ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકર આ પૃથ્વીપર અવતરે છે.
- ત્યારબાદ તો કાળક્રમે અગ્નિ, શિલ્પ, રસોઈ, કળા (પુરુષોની ૭૨ કળા અને સ્ત્રીઓની ચોંસઠકળા) વગેરેનું પ્રગટીકરણ થાય છે.
- આ આરામાં ચક્રવર્તી પણ થાય છે. ચતુર્વિધ સંઘની સ્થાપના, ગણધર, કેવળજ્ઞાનીઓ, દ્વાદશાંગીની રચના આદિ ઘણું –ઘણું આ આરામાં થાય છે.
- રાજ્ય, નગર, દેશ, ગ્રામ વગેરેની વ્યવસ્થા–સંરચના પણ આ કાળથી શરૂ થાય છે.
- આ આરામાં માણસોને ઘણું સુખ ને થોડું દુ:ખ હોય છે.

## ચોથો આરો – દુ:ષમસુષમા

- આ આરો ૪૨૦૦૦ (બેંતાલીસ હજાર) વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો હોય છે.
- આ સમયે મનુષ્યોનું આયુષ્ય ઓછામાં ઓછું અન્તર્મુહૂર્ત અને વધુમાં વધુ પૂર્વક્રોડ વર્ષનું (એક ક્રોડ પૂર્વનુ) હોય છે.
- આ સમયે છ સંઘયણ અને છ સંસ્થાન હોય છે.
- આ સમયે મનુષ્યોની કાયા અનેક ધનુષ્યની હોય છે.
- આ સમયે મનુષ્યો ચારે ગતિમાં અને મોક્ષમાં જઈ શકે છે.
- આ આરામાં જ પહેલાં તીર્થંકર સિવાયના ૨૩ (તેવીસ) તીર્થંકરો, પ્રથમ ચક્રવર્તી સિવાયના ૧૧ (અગ્યાર) ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ, નવ નારદ આદિ થાય છે.
- આ આરામાં મનુષ્યોને ઘણું દુ:ખ ને થોડું સુખ હોય છે.

## પાંચમો આરો : દુ:ષમા

- આ આરો ૨૧૦૦૦ (એકવીસ હજાર) વર્ષનો હોય છે.
- આ આરાની શરૂઆતમાં છ એ સંઘયણ અને છએ સંસ્થાન હોય છે, પણ કાળ ક્રમે ઘટતાં–નાશ પામતાં છેવટે છેલ્લું સંઘયણ અને છેલ્લું સંસ્થાન રહેછે. (હમણાં જે પાંચમો આરો ચાલી રહ્યો છે, તેમાં સ્થલિભદ્રસ્વામીજીનાં સ્વર્ગગમન બાદ બીજું, ત્રીજું, ચોથું અને પાંચમું સંઘયણ વિચ્છેદ પામ્યું છે.)

- આ આરાની શરૂઆતમાં સાત હાથની કાયા હોય છે, તે ઘટતી ઘટતી આ આરાને અંતે બે હાથની હોય છે.
- ચોથા આરામાં જન્મેલ જીવનો પાંચમાં આરામાં મોક્ષ થઈ શકે પણ પાંચમાં આરામાં જન્મેલાનો મોક્ષ ન થાય.
- આ આરામાં જન્મેલા જીવો ચારે ગતિમાં જાય.
- આ આરામાં કેવળજ્ઞાનાદિ લબ્ધિઓ ઉચ્છેદ પામે છે. (ચાલુ પાંચમાં આરામાં જંબૂસ્વામીનાં નિર્વાણ પછી કેવળજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, આહારશરીર, પુલાકલબ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર, જિનકલ્પીપણું અને સિદ્ધિગમન આ લબ્ધિઓ વિચ્છેદ પામી છે.)
- સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર પણ બહુ અલ્પ હોય છે.
- જાતિ સ્મરણજ્ઞાન, અવધિજ્ઞાન અને વૈક્રિય શરીર આદિ વિચ્છેદ નથી પામ્યું.
- અરિહંતના મતને માનનારાઓમાં જુદા જુદા અનેક મતભેદો થાય છે.
- આ કાળમાં મનુષ્યો પ્રાય: બહુ કષાયવાળા, અન્યાયપ્રિય, અધર્મનારાગી, ધર્મના દ્વેષી, મર્યાદારહિત આદિ દુર્ગુણોથી યુક્ત હોય છે.
- પાંચમાં આરાને અંતે મનુષ્યનું આયુષ્ય ૨૦ (વીસ) વર્ષનું હોય છે.
- આ કાળમાં ગામડાંઓ સ્મશાન જેવા, નગરો ગામ જેવા, કુટુંબીઓ દાસ જેવા અને રાજાઓ–પ્રધાનો જમ જેવા થાય છે.
- આ કાળમાં અધિકારોઓ પ્રજાને લૂંટનારા પાકે છે.
- આ કાળમાં ઉત્તમો મધ્યમ આચારવાળા અને મધ્યમ વ્યક્તિઓ જઘન્ય આચારવાળા થાય છે.
- આ કાળમાં વરસાદ ઓછો આવે, અથવા અકાળે આવે. જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં–ત્યારે ન આવે.
- ધાર્મિક અને ન્યાયપ્રિય માણસો નિર્ધન થાય તથા અનીતિ કરનારા અને દુષ્ટોના ધનભંડાર ભરપૂર થાય.
- મૂર્ખાઓ મજબૂત શરીરવાળા થાય અને શાસ્રજ્ઞો દુર્બળ શરીરવાળા થાય.
- અતિવૃષ્ટિ, સ્વચક્ર–પરચક્રનો ભય ઈત્યાદિ ઉપસર્ગો અવાર–નવાર આવ્યા જ કરે.
- રાજાઓ–પ્રધાનો આદિ પ્રાય: મિથ્યાદષ્ટિ હોય, હિંસા આદિમાં તત્પર હોય, અસત્ય–ચોરી–અબ્રહ્મ આદિ પાપો પળે–પળે વધતાં જાય.
- મિથ્યાદષ્ટિઓ–પાંખડીઓ આદિનું જોર વધતું જાય. તેઓ પોતાના ધર્મમાં દઢ બનતાં જાય.
- આર્હતો (શ્રાવકો–સાધુઓ) પોતાનાં શુદ્ધ ધર્મમાં શિથિલ બનતાં જાય.
- ગુરુ પ્રતિ શિષ્યનો અને માતા – પિતા પ્રતિ પુત્રાદિનો વિનય ઓસરતો જાય.
- અનીતિ પૂર્વકના યુદ્ધ થાય.
- ખર–કઠોર અને વક્રમુખી વધૂના વિશ્વાસે પુત્ર પિતાથી જુદા પડે છે.
- પુત્રો માતા–પિતાનો અવિશ્વાસ અને સાસુ–સસરાનો વિશ્વાસ કરતાં થાય.
- માથે ધોળા વાળ થઈ જવા છતાંય લગ્નના ઈચ્છુક હોય.

- નિર્દયો પુત્ર-પુત્રીને વેચતાં થઈ જાય. ધનલોભી માણસો પોતાની પુત્રીને ઘરડાં અથવા મરણપથારીએ પડેલાંની સાથે પણ પરણાવે.
- નોકરો શેઠનો, પુત્રો માતા-પિતાનો-વડીલોનો, શિષ્યો ગુરુનો ઉપકાર ભૂલનારા પાકે.
- સરળ-સત્યનિષ્ઠ આદિને લોકો ઓછું માન આપે છે. જ્યારે વક્રવાદી કુટિલ પુરૂષોને વિશેષ માન આપે.
- ભાઈ-ભાઈનાં ઝઘડાં, કુટુંબ-ક્લેશ વધતો જાય.
- ઘર બાંધવા, વિવાહ કરવા ઈત્યાદિ સાંસારિક કામોમાં દેવું કરીનેય ધન ખર્ચે અને ચૈત્ય, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, આદિની વાતો ય સાંભળવી ન ગમે.
- મણિ,મંત્ર, તંત્ર, ઔષધિ, યંત્ર વગેરેનું માહાત્મ્ય ઘટતું જાય.
- દેવોનું આગમન-પ્રત્યક્ષ થવું ઈત્યાદિ બહુ ઓછું થતું જાય છે.
- વરસાદ અલ્પ થાય, પૃથ્વી નિરસ થાય, વૃક્ષો રસહીન થાય, ધાન્યાદિ નિ:સત્ત્વ બનતાં જાય.
- મનુષ્યોનાં આયુષ્ય, દેહ, બળ આદિમાં ઘટાડો થતો જાય.
- આ પાંચમાં આરામાં સાધુઓ બકુશ અને કુશીલ એમ બે પ્રકારના થાય.
- વર્તમાન પાંચમાં આરામાં પ્રભુ મહાવીર દેવનું શાસન અવિચ્છિન્ન પણે ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલશે (ભગવતી સૂત્રનાં નવમાં શતકનાં આઠમાં ઉદ્દેશમાં), જ્યારે દીવાળી કલ્પમાં તો કહ્યું છે કે પાંચમાં આરામાં ૨૦૯૦૦ વર્ષ, ત્રણ મહિના, પાંચ દિવસ, પાંચ પહોર, એક ઘડી, બે પળને ૪૮ અક્ષર કાળ પ્રમાણ જૈન ધર્મ રહેશે. દીવાળી કલ્પનું કથમ મતાંતરે જાણવું. કારણ કે મતાંતરે જ પાંચમા આરાની પૂર્ણાહૂતિનાં ૧૦૦ વર્ષ પૂર્વે ધર્મનાશ, પૃથ્વી-પ્રલય આદિનું કથન છે.
- પાંચમા આરાને અંતે વિવાહાદિ વ્યવહાર ધર્મ, જૈન ધર્મ, અન્ય ધર્મો તથા રાજધર્મ આદિ બધું જ વિલય પામશે.
- આ આરાનાં અંતે દુપ્પસહ સૂરિજી થશે. તેમની કાયા બે હાથની અને આયુષ્ય વીસ વરસનું હશે. આ આચાર્ય સ્વર્ગથી ચ્યવીને અહીં આવશે. બાર વર્ષ ગૃહસ્થપણામાં રહીને દીક્ષા લેશે. દીક્ષા પછી ચાર વર્ષ ગુહસ્થપણામાં આચાર્ય પદ સાચવી વીસ વર્ષનું સર્વ આયુષ્ય (૧૨ વર્ષ ગૃહસ્થે + ચાર વર્ષ શ્રમણે + બે વર્ષ આચાર્ય = વીસ વર્ષ) પૂર્ણ કરીને, છેલ્લે અઠ્ઠમ કરી સૌધર્મ દેવલોકે જશે. આ આચાર્ય તે સમયે માત્ર "દશવૈકાલિક, જીતકલ્પ, આવશ્યક સૂત્રો, અનુયોગદ્વાર અને નંદી" આટલુ જ શ્રુત ધારણ કરશે.
- આ સમયે ફાલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક અને સત્યશ્રી નામે શ્રાવિકા હશે. આમ ચતુર્વિધ સંઘમાં ચારેમાં એકેક વ્યક્તિ રહેશે.
- આ સમયે વિમલવાહન નામે રાજા અને સુમુખ નામે મંત્રી હશે. આ રાજા દુપ્પસહસૂરિજીનાં ઉપદેશથી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ પર છેલ્લો ઉદ્ધાર કરશે.

## છઠ્ઠો આરો : દુ:ષમ દુ:ષમ

- પાંચમો આરો પૂર્ણ થયે છતે વર્ણાદિ પર્યાયો માં અનંતગણી હીનતા આવ્યે છતે છઠ્ઠો આરો બેસે છે.
- આ કાળમાં અતિ કઠિન, પુષ્કળ ધૂળ ઉડાડનાર, અતિભયંકર, અસહ્ય અને પ્રાણાપહારી વાયુ વાય.
- વારંવાર દિશાઓ ધૂમાડાવાળી, ધૂળવાળી અને ભેંકાર અંધકારમય થાય.
- અતિ રૂક્ષકાળ હોવાથી લોકોના શરીર પણ અતિ રૂક્ષ થાય.

- શરીર અતિરૂક્ષ થવાથી સૂર્ય–ચંદ્રનું તેજ પણ અસહ્ય અને અહિતકારી થાય. તથા ચંદ્ર આ કાળે અતિ શીત અને સૂર્ય અતિ ઉષ્ણ થાય.
- પછી ક્ષારયુક્ત પાણીનો વરસાદ વરસે, ત્યારબાદ અનુક્રમે છાણનાં રસવાળો વરસાદ અને ખાટાં રસનો વરસાદ વરસે.
- પછી અગ્નિ જેવા ગરમ પાણીનો વરસાદ વરસે.
- ત્યારબાદ ઝેર જેવા રસવાળો વરસાદ વરસે. તેથી આખી ધરતી ઝેરમય થઈ જાય. પ્રાણીઓ મરવા લાગે.
- ત્યારબાદ વજ્ર જેવા પાણીનો વરસાદ વરસે. આ વજ્ર જેવા વરસાદથી પર્વતોનાં પણ ભૂક્કા બોલાઈ જાય.
- પછી વારંવાર વિજળી પડે, વારંવાર મોટાં–મોટાં કરા પડે.
- ત્યારબાદ વિવિધ પ્રકારની વેદના અને મૃત્યુ આવે એવો ભયંકર વરસાદ થાય. તથા ભયંકર ધારા–પ્રવાહ વાળો અને કાન ભેદી નાંખે એવો વરસાદ વારંવાર થાય.

  (મતાંતરે આ વરસાદ આદિ પાંચમા આરાનાં ૧૦૦ વર્ષ બાકી હોય ત્યારે વરસે)
- ગામ–નગર વગેરેને દ્વિપદ (મનુષ્યાદિ) ચતુષ્પદાદિ – અપદ (સર્પાદિ) વગેરેને, ખેચર–ભૂચર–જળચર વગેરેને, જંગલવાસી –પર્વતવાસી–દ્વીપવાસી આદિને, વિદ્યાધરોને, બેઈંદ્રિયો–તેઈંદ્રિય–ચઉરિંદ્રિય–પંચેંદ્રિયને, વૃક્ષ–લતા–ગુચ્છ–ઔષધિ–તૃણ અને સિંધુને છોડીને શેષ નદીઓને–જળાશયોને ઈત્યાદિ બધી વસ્તુઓને આ વિષમ વરસાદ–વાયરાં વિધ્વંસ કરીને ભસ્મીભૂત કરી નાંખે છે.
- આ વરસાદ વૈતાઢ્ય પર્વત પર પણ વરસે છે તેથી ત્યાં રહેલા ખેંચરો–નગરો પણ નાશ પામે છે. માત્ર આ વૈતાઢ્ય પર્વત અને તેની ઉપર રહેલ જિનપ્રાસાદ તથા શિખરો નાશ નથી પામતા કારણ તે શાશ્વત છે અને અવિનશ્વર છે.
- આ કાળમાં શત્રુંજય પર્વત પણ રહે છે કારણ તે પણ શાશ્વત છે. પરંતુ આ સમયે તે માત્ર સાત હાથનો જ રહે છે.

  (શત્રુંજય પર્વત વધઘટ થતો હોવાથી આ શાશ્વત છે અને મૂળથી નાશ ન પામતો હોવાથી શાશ્વત છે માટે જ ઉભયધર્મી હોવાથી આ ગિરિરાજને શાશ્વત પ્રાયઃ કહ્યો છે.)
- આ કાળે ભૂમિ અંગારા જેવી તથા ભસ્મમય હોય છે.
- આ આરાની શરૂઆતમાં બે હાથની કાયા હોય અને આરાને અંતે એક હાથની કાયા હોય છે.
- આ આરાનાં પ્રારંભમાં વીસ વર્ષનું આયુષ્ય હોય અને અંતે ૧૬ વર્ષનું આયુષ્ય હોય છે.
- આ કાળે મનુષ્યો કુરૂપી, દુર્ગંધી, કુત્સિતવર્ણી, કુલક્ષણી, હીનદીન સ્વરવાળા, દુષ્ટ ભાષાવાળા, નિર્લજ્જ, મર્યાદાવિનાના, ક્લેશ–કંકાસ પ્રિય, ઠુંઠા–લંગડા, દુર્બળ, બાળપણથી કામાર્ત, કેશ–દાઢી–નખ આદિનાં સંસ્કાર વિનાં જંગલી જેવા ભાસનારા, ઘરડાં જેવાં, પરુ–લોહી આદિથી ખરડાયેલાં શરીર વાળા, છેલ્લા સંઘયણવાળા, ખરાબ સંસ્થાનવાળા, રોગી, નિઃસત્વ, મૂર્ખ, શાસ્ત્રાભ્યાસ વિનાના, સ્નાન અને બ્રહ્મચર્ય રહિત, નિસ્તેજ, સેંકડો પીડાવાળા, પરસેવો અને મળથી ગંધાતા શરીરવાળા ક્રોધાદિ કષાયવાળા, વ્રત અને પચ્ચક્ખાણ થી રહિત, સદા ભયભીત, ધૂળવાળા હોય છે.
- આ કાળે મનુષ્યો પ્રાયઃ મોટાભાગે સમ્યક્ત્વ વગરનાં હોય છે. કદાચિત્ કોઈકને સમ્યક્ત્વ હોય પણ સંક્લિષ્ટ અધ્યવસાય વાળા હોવાથી વિરતિ તો સર્વથા હોતી જ નથી.
- આ કાળે મનુષ્યો માછલાં આદિ ખાનારા હોય છે. તથા બહુ આહાર કરનારા હોય છે અને વારંવાર આ કાળે ભૂખ પણ ખૂબ લાગે છે.

- આ કાળના મનુષ્યો અને તિર્યંચો મરીને પ્રાય: તિર્યંચ કે નરકગતિમાં જવાવાળા હોય છે અને આ મનુષ્યો પ્રાય: નરક કે તિર્યંચમાંથી જ આવેલા હોય છે.
- આ સમયે ગંગા અને સિંધુ નદીનો જળપ્રવાહ માત્ર રથનાં માર્ગ જેટલો પહોળો અને રથનાં પૈડાનો અર્ધો ભાગ ડૂબે એટલો ઊંડો હોય છે. તથા આ સમયે આ નદીનું પાણી કાદવવાળું હોય છે અને ખૂબ જ માછલાં આદિ જીવોથી ભરપૂર હોય છે.
- આ સમયે નગર–ગ્રામાદિનો નાશ થઈ ગયો હોવાથી મનુષ્યો બિલોમાં રહે છે. વૈતાઢ્ય પર્વતની નજીકમાં ગંગા નદીનાં બે ય ૯ – ૯ બિલો હોય એટલે ગંગા નદીના ૧૮ બિલ અને એ પ્રમાણે સિંધુ નદીનાં ૧૮ બિલ, કુલ ૩૬ બિલો દક્ષિણ ભરતમાં હોય. એ જ પ્રમાણે ૩૬ બિલ ઉત્તર ભારતમાં હોય. એમ કુલ ૭૨ બિલ જ આખા ભરતક્ષેત્રમાં હોય. આ બિલો ભયંકર અને ઘોર અંધકાર વાળા હોય છે.
- આ બિલોમાં મનુષ્યો રહે. દિવસે સૂર્યનો પ્રખર તાપ હોવાથી અને રાત્રે ચંદ્રની અતિશીતળતા હોવાથી બિલોમાંથી દિવસે કે રાત્રે બહાર ન આવે પણ સંધ્યા સમયે (જ્યારે અતિઠંડી કે અતિગરમી ન હોય ત્યારે) દોડતાં–દોડતાં બહાર આવીને નદી કિનારે જઈ જલ્દી–જલ્દી માછલાં – કાચબા બહાર કાઢે અને કિનારે લાવીને મૂકી દે. પછી એ માછલા–કાચબા નિરસ–નિ:સત્વ થઈ જાય સુકાઈ –શેકાઈને ત્યારબાદ એને ખાય. આ પ્રમાણે ભયંકર પાપ કરીને સંક્લિષ્ટ અધ્યવસાય વાળા ને માંસાહારી મરીને પ્રાય: નરક કે તિર્યંચગતિમાં જાય.
- પ્રાય: લખ્યું છે તેથી કોઈક જીવ માંસાહાર ન કરતાં ત્યાંના ક્ષુદ્ર–તુચ્છ અન્નાદિ ખાઈને સ્વર્ગે પણ જાય. અને આ જીવો મોટેભાગે સમકિતી હોય છે.
- આ સમયે સ્ત્રી છ વર્ષની ઉંમરે ગર્ભ ધારણ કરે અને તે બહુવાર ગર્ભધારણ કરે. તેથી પુત્ર–પૌત્રાદિ પરિવાર બહુ હોય.

## ઉત્સર્પિણી

- શ્રાવણ મહિને, કૃષ્ણ (વદ) પક્ષે, એકમ નાં દિવસે, બાલવ નામના કરણમાં અને અભિજિત નક્ષત્રનો ચંદ્રની સાથે યોગ થાય તે સમયે ઉત્સર્પિણીની શરૂઆત થાય અને સાથે સાથે ઉત્સર્પિણી નો પ્રથમ આરો 'દુષમ દુષમા' નામનો પ્રારંભ થાય છે.
- અવસર્પિણીનાં છઠ્ઠા આરા જેવી જ પરિસ્થિતિ ઉત્સર્પિણીનાં પ્રથમ આરાની હોય છે. પણ વિશેષતાએ છે કે અવસર્પિણીમાં જેમ સર્વત્ર ઉતરતો ક્રમ હતો, તેમ ઉત્સર્પિણીમાં ઉતરતો ક્રમ નહીં, પણ ચડતો ક્રમ હોય છે. જેમ કે અવસર્પિણીનાં છઠ્ઠા આરામાં શરૂઆતમાં વીસ વર્ષનું આયુષ્ય છે અને અંતમાં ૧૬ વર્ષનું, તો ઉત્સર્પિણી નાં પહેલા આરામાં શરૂઆતમાં ૧૬ વર્ષનું આયુષ્ય હોય અને અંતમાં વીસ વર્ષનું હોય છે. એમ દરેક વસ્તુમાં વર્ણ–ગંધ આદિ સર્વત્ર ઉત્સર્પિણીમાં ચડતાો ક્રમ જાણવો.
- એજ પ્રમાણે ઉત્સર્પિણીનો બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો આરો અનુક્રમે અવસર્પિણીનાં પાંચમાં, ચોથા, ત્રીજા, બીજા અને પહેલાં આરા જેવો જાણવો.
- **વિશેષ નોંધ :** અવસર્પિણી નાં પાંચમાં આરાનાં અંત સમયે જેમ ભયંકર વર્ષા આદિથી ખેદાન–મેદાન થઈ જાય છે ભરત ક્ષેત્રનું, તેમ ઉત્સર્પિણીનાં રાજા આરાની શરૂઆતમાં સારા વરસાદ આદિથી સર્વત્ર સારૂં થાય છે. તે નીચે પ્રમાણે છે.

- સર્વપ્રથમ સાત દિવસ સુધી સતત પુષ્કરાવર્ત મેઘ વરસે છે. તેનાથી સર્વત્ર પૃથ્વીની અશુભ અવસ્થા દૂર થઈને જમીનમાં આર્દ્રતા આવે છે.
- ત્યારબાદ સાત દિવસ–રાત્રિ સતત ક્ષીરમેઘ વરસે છે, તેનાથી પૃથ્વી ગોક્ષીર જેવા વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળી થાય છે.
- ત્યારબાદ સાત દિવસ–રાત્રિ સતત ઘૃતમેઘ વરસે છે, આ ઘી જેવા વરસાદથી ભરતક્ષેત્રની સમગ્ર ભૂતલ પર સ્નિગ્ધતા આવે છે.
- ત્યારબાદ સાત રાત્રિ–દિવસ અમૃતમેઘ વરસે છે. આ અમૃત જેવા વરસાદ થી સર્વત્ર નાના પ્રકારની ઔષધિઓ – લતાઓ– વૃક્ષો ઉત્પન્ન થાય છે.
- ત્યારબાદ સાત રાત્રિ–દિવસ સતત રસમેઘ વરસે છે, તેનાથી વનસ્પતિમાં પાંચે રસ ઉત્પન્ન થાય છે.
- પછી તો બધે જ બધી રીતે શુભતા આવવા લાગે છે. અને હરિયાળી આદિ જોઈ બિલવાસી મનુષ્યો બહાર આવી જાય છે. અપૂર્વ વિશ્વ જોઈને તેઓ હર્ષિત અને આશ્ચર્યાન્વિત થાય છે. તેથી આપણી આજીવિકા હવે ફળ આદિથી કરવાની રહેશે. જે મત્સ્ય આદિનો આહાર કરશે તેને આપણા સમુદાય માંથી બહાર સમજવાનો રહેશે. તેનું નામ પણ નહીં લેવાનું, તેનું મોં પણ નહીં જોવાનું, અરે! તેની છાયાપણ છોડી દેવી, પછી તેને અડવાની તો વાત જ ક્યાં? આ પ્રમાણે વ્યવસ્થા કરી તેઓ તૃણ–ફળ આદિથી જીવન ચલાવે છે.
- ત્યારબાદ કોઈક મનુષ્ય જાતિસ્મરણથી અથવા દેવાદિનાં કથનથી અથવા કાળનાં પ્રભાવથી નગર–ગ્રામ–મકાન–આદિની વ્યવસ્થા, રાજનીતિ–દંડનીતિ આદિ, વિવાહ–વસ્ત્ર–પાત્ર–અલંકાર આદિ અન્નને પકાવવું આદિ વ્યવસ્થાઓ પણ પ્રવર્તાવશે.

- ઉત્સર્પિણીનાં ત્રીજા આરાનાં ૮૯ (નેવ્યાસી) પખવાડીયા વ્યતીત થયા બાદ પ્રથમ તીર્થંકરનો જન્મ થાય.
- ઉત્સર્પિણીનાં ત્રીજા આરામાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ–વાસુદેવ–પ્રતિવાસુદેવ આદિ થાય.
- ઉત્સર્પિણીનાં ચોથા આરામાં ૮૯ પખવાડીયા વીતી ગયા બાદ ચોવીસમાં તીર્થંકરનો જન્મ થાય.
- સર્વત્ર અવસર્પિણી થી ઊંધા ક્રમે જાણવું.

jainuniversity.org

jainuniversity.org